ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0




"ઘણી ખમ્મા... મેઘરાજાને ઘણી ખમ્મા..!!"

"જોયું ને..?! મેઘરાજાની પુનઃ પધરામણી થઈ જ ને ?! તમને ધીરજ નહોતી... આકુળ-વ્યાકુળ થઈ ગ્યા'તા..!!"

"જો ભાઈ..! હું એકલો નહિ... આખુ ગુજરાત આકુળવ્યાકુળ થઈ ગયું હતું... આખી સરકાર ટેન્શનમાં આવી ગઈ હતી..! અને ખાસ કરીને ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં તો ચોમાસુ પાક નિષ્ફળ જવાની દહેશત સર્જાઈ હતી... પણ ભલુ થજો મેઘરાજાનું કે ધીમી ધારે તો ધીમી ધારે પણ પધાર્યા તો ખરા..!!"

"હં...અ..!! 'ભગવાન કે ઘર દેર હૈ... અંધેર નહીં'..!! ધીરજ રાખવી પડે... ધીરજના ફળ મીઠા..!"

"મીઠા કે માઠા એની ખબર નથી... ક્યારેક માઠા પણ આવે છે ને ક્યારેક મીઠા પણ આવે છે..! જુઓને આપણે તો અચ્છે દિનની ચાર વરસથી રાહ જોઈએ છીએ... 'અચ્છે દિન' તો આવતા નથી... અને જે છે એય બગડતા જાય છે..!"

"ખરા છો તમેય... વાત ભગવાનની કરતા'તા ને છેક ભાજપ ઉપર આવી ગયા..!"

"રાશિ તો એક જ ને..?! અને તમે તો એમના નામે ચૂંટણીઓ લડો છો અને જીતો છો..! હવે શું નવી લોલીપોપ આપવાની છે ૧૫મીએ..?!"

"બસ બસ..! બહું થયું... તમને બધી લોલીપોપ જ દેખાય છે..! નક્કરતાથી દેશના ૫૦ કરોડ પ્રજાજનોને આવરી લેતી આયુષ્યમાન ભારત યોજના જાહેર કરી રહ્યા છીએ... એક સાથે ૧૨ રાજ્યોમાં અમલી બનશે..!"

"...એટલે..?! હવે વીમા કંપનીઓ માલામાલ થશે કે ફાર્મસી કંપનીઓ..?! તમારી દરેક યોજનાઓમાં કો'કને તો જલસા પડે જ છે..! પ્રજાનું જે થવું હોય તે થાય..! વર મરો - કન્યા મરો.. પણ ગોરનું તરભાણું ભરો જેવો ખેલ છે..!"

"હવે નજરીયો બદલો..! બધામાં તમને કંઈક દોષ જ દેખાય છે..?! કેવી જોરદાર યોજના છે તેનો વિચાર તો કરો... મગજમાંય સેટ નહીં થાય..!! દેશના ૫૦ કરોડથી વધુ નાગરિકોને આરોગ્યની સાર-સંભાળ માટે હોસ્પિટલોના માધ્યમથી સીધી સહાય મળશે..! અને એમાંય કેટલાંક ભારેખમ ખર્ચાઓ જે મધ્યમ વર્ગની કમ્મર તોડી નાખે છે એવા હોસ્પિટલોના ખર્ચામાં રાહત મળશે..!! થોડોક ગંભીરતાથી અભ્યાસ કરજો..! અને મગજ દોડાવજો..! તો આ વિરોધ કરવાનું અને આ વાંક જોવાનું ભુલી જશો..!!"

"સાહેબ... રહેવા દો'ને... આ જેનરીક દવાઓની યોજનાનું સુરસુરીયુ ના થઈ ગયું..?! જે દવા જોઈએ એ તો ક્યારેય હોતી જ નથી... અને સ્ટોરવાળા કહે છે અમારે ઉપરથી આવતી જ નથી... આમાં પ્રજાનો શું વાંક છે..?! બધુ અધ્ધરતાલ જ ચાલે છે..!!"

"તોબા તોબા તમારાથી તો તોબા..!! એક વખત સ્કૂટર ઉપરથી પડી જઈએ એટલે સ્કૂટર ચલાવવાનું બંધ કરીશું ?! કોઈ ટ્રેનને અકસ્માત થયો એટલે એ ટ્રેનમાં નહીં બેસવાનું..?! થાય કશાકમાં ભુલ થઈ હશે..! એમાં તો તમે લાલ-પીળા થઈ ગયા..!! કામ કરે એની ભુલ થાય..!"

"વાહ વકીલ થયા હોત તો સારૂ ચાલત હોં..! ભાષણો કરવા-દલીલો કરવી - યોજનાઓ બનાવવી - યોજનાઓ જાહેર કરવી... આ બધું સરળ અને સહેલુ છે..! પણ યોજનાનો લાભ છેવાડાના દેશવાસી સુધી પહોંચે ત્યારે તેની યથાર્થતા સાબિત થાય છે..! આજે યોજના જ નહીં અસરકારક અમલની આવશ્યકતા છે. ખરૂને..?!"

"હા... સાહેબ... હા..!!"



દબાણમુક્ત ગાંધીનગર - અમદાવાદના પગલે છેલ્લા એક સપ્તાહથી આરંભાયેલ દબાણ હટાવ ઝુંબેશ પુરજોશમાં ચાલી રહી છે... ગુરૂવારે વહેલી સવારથી મનપા અને સંબંધિત વિભાગો સાથે મળી સેક્ટર-૨૧ના દબાણ હટાવ્યા હતા... ગેરકાયદેસર કેબીનો, ગલ્લાઓ, બેનર, હોર્ડીંગ, ઓટલા, શેડ વગેરેને હટાવવાની કામગીરી પણ પૂરા ઉત્સાહથી કરવામાં આવી રહી છે... દબાણ હટાવવાની ટીમ પણ આ ઝુંબેશનો આનંદ લેતી હોય એમ જેસીબી પર ચડીને પણ બેનરો હોર્ડીંગ્સ હટાવી રહ્યા છે...

# જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા આજે જિલ્લા પંચાયત ઠરાવ કરશે

**સામાન્ય સભામાં પ્રસ્તાવ પસાર કરાશે : કુડાસણમાં નવુ પ્રા.આ. કેન્દ્ર સ્થાપવા માટે સરકારને ખાસ ભલામણ કરતો પ્રસ્તાવ પણ પસાર કરાશે**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે મળનારી સામાન્ય સભામાં જિલ્લામાં વરસાદ ખેંચાતા ઉભી થઈ રહેલી સ્થિતિને ધ્યાને રાખી દુષ્કાળગ્રસ્ત વિસ્તાર તરીકે સરકારે જિલ્લાને જાહેર કરવો જોઈએ તેવી માંગ કરતો ઠરાવ પસાર કરવામાં આવશે.

જિલ્લા પંચાયતના નવા વરાયેલા મહિલા પ્રમુખ શ્રીમતિ મંગુબેન પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લા પંચાયતની પ્રથમ બેઠક મળી રહી છે. મળતી વિગતો પ્રમાણે જિલ્લાને દુષ્કાળગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવાની માંગ કરતો પ્રસ્તાવ પ્રમુખસ્થાનેથી રજુ કરાશે.

જિલ્લામાં ચોમાસાની સિઝનમાં અત્યાર સુધીમાં ૧૯ ટકા જેટલો જ વરસાદ નોંધાયો હોઈ દુષ્કાળગ્રસ્ત વિસ્તાર જાહેર કરવાની સાથે જિલ્લાના ખેડૂતોના હિતમાં મહત્વના નિર્ણયો કરી તાત્કાલિક અસરથી અમલી બનાવવાની માંગ પણ આ પ્રસ્તાવમાં કરવામાં આવી છે.

જિલ્લા પંચાયતની આજની આ બેઠકમાં કુડાસણમાં નવુ પ્રા.આ. કેન્દ્ર ખોલવા માટેની મંજૂરી

● અનુસંધાન પાન-૭ પર

# મેઘરાજાનો વિચિત્ર મિજાજ સેકટરોમાં હળવુ ઝાપટુ : વરસાવી વાદળો વિખેરાયા

**કેટલાક સેકટરોમાં વરસાદી ઝાપટાથી ઠંડક પ્રવર્તી : ચ-માર્ગની એકબાજુના સેકટરો કોરા રહયા**

ગાંધીનગર તા ૯

શહેરમાં વરસાદી વાદળો અલપજલપ ઝાપટુ વરસાવી અદ્રશ્ય થઈ જતા ફરી એકવાર મેઘરાજા મનમુકીને વરસ્યા ન હોવાની નારાજગી નગરજનોએ વ્યક્ત કરી હતી. શહેરના કેટલાક વિસ્તારમાં ગતરાત્રિ દરમિયાન વરસાદના ભારે ઝાપટાએ સેકટરોમાં પાણી પાણી કરી દીધુ હતુ. જયારે ચ માર્ગ ની એકબાજુના સેકટરો તરફથી વરસાદે જાણે મોં ફેરવી લીધુ હોય તેમ સે-૮ સહીતના ભાગોમાં વરસાદનુ ઝાપટુ પણ નસીબ થયુ ન હતુ. કેટલાક ભાગોમાં અડધા ઈંચ જેટલો વરસાદ થયો હતો. ભારે ઝાપટાના લીધે મેઘરાજા આખી રાત હેલી કરશે તેવી આશ વચ્ચે થોડીવારમાં જ વિદાય લઈ લીધી હતી. આજે પણ દિવસ દરમિયાન વરસાદી વાદળોની લુપાછુપી વચ્ચે મેઘરાજાએ હેત વરસાવ્યુ ન હતુ.

● અનુસંધાન પાન-૭ પર

# મનપામાં ક્રેઈન અને રખડતા પશુઓ માટે વધુ એક પાંજરૂ ખરીદવાનો સ્થાયી સમિતિનો નિર્ણય

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે મળેલ સ્થાયી સમિતિએ વૉટરકુલર તેમજ આર.ઓ. પ્લાન્ટની ખરીદી માટે રિટેન્ડરીંગ કરવાનો નિર્ણય કર્યો છે. આ વૉટરકુલર અને આર.ઓ. પ્લાન્ટની ઉપલબ્ધિ નહી હોવાથી કોંગીના કાઉન્સીલરોના વિસ્તારોમાં જ સુવિધા પહોંચી શકી નથી. આ અંગે ગત સામાન્ય સભામાં કોંગી કાઉન્સીલરોએ વિરોધ સાથે ઉગ્ર રજુઆતો કરી હતી.

આજે મનપાના સ્થાયી સમિતિના ખંડમાં મળેલ બેઠકમાં દબાણ હટાવવાની કામગીરી માટે જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરીમાંથી ક્રેઈન ભાડેથી મેળવવાની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી હતી.

શહેરમાં ચાલી રહેલી દબાણ હટાવ ઝુંબેશને વધુ સઘન બનાવવા પર પણ આજની આ બેઠકમાં ભાર મુકવામાં આવ્યો હતો.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે શહેરમાં રખડતા પશુઓને પકડવાની કામગીરીને પણ સઘન બનાવવા માટે એક વધુ પાંજરા સાથેની વાન ખરીદવાનો પણ મહત્વનો નિર્ણય આજની આ બેઠકમાં લેવાયો છે.

મનપાની સ્થાયી સમિતિએ અંતિમધામના સંચાલનમાં જુસિકા દ્વારા રાખવામાં આવેલ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાંથી ૧૧૯ જેટલા સુકા અને જોખમી વૃક્ષો દુર કરાશે

**સેકટરોમાં નિખરતી વનરાજી વચ્ચે સુકા અને જોખમી વૃક્ષો દુર કરવા માર્કીંગ કરાયુ**

ગાંધીનગર તા ૯

શહેરમાં જોખમી વૃક્ષો દુર કરવા માટે વનતંત્ર દ્વારા અભિયાન હાથ ધરાયુ છે. નગરમાં નમી પડેલા સુકા વૃક્ષોની સંખ્યા વિશેષ છે. ત્યારે વરસાદી દિવસોમાં જોખમી વૃક્ષો ગમે ત્યારે જમીનદોસ્ત થાય તેવી સ્થિતિ છે. અત્યાર સુધી સુકા વૃક્ષો દુર કરવા માટે માર્કીંગ કરવાનુ કામ હાથ ધરાયુ હતુ. જયારે આ અન્વયે જોખમી વૃક્ષો દુર કરવા માટે કામગીરી હાથ ધરાશે. વનતંત્ર દ્વારા શહેરમાં ૧૧૯ જેટલા વૃક્ષોનુ માર્કીંગ કરવામાં આવ્યુ છે. જયારે આ સુકા વૃક્ષોની કટોતી કરવામાં આવશે.

વરસાદી દિવસો દરમિયાન વનતંત્ર દ્વારા નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. ચાલુ વર્ષ દરમિયાન પણ શહેરમાં ૨૨ હજાર જેટલા નવા રોપાઆની વાવણી કરવામાં આવી છે. જયારે નગરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત જગ્યામાં સફાઈ કરીને નવા રોપાઓની વાવણી કરવા માટે પણ કલરકોડ મુજબ આયોજન કરી દેવાયુ છે. આગામી દિવસોમાં આ જગ્યાએ રંગબેરંગી ફુલો નિખરશે. જયારે વનતંત્ર દ્વારા વન આરક્ષિત જગ્યામાં નવા રોપાઓની જાળવણી માટે ફેન્સીંગ પણ કરવામાં આવી રહી છે. શહેરમાં વરસાદી દિવસો દરમિયાન જોખમી વૃક્ષો દુર કરવા માટે પણ વનતંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. વરસાદી દિવસોમાં માટી પોલાણ થતા જોખમી વૃક્ષો ધરાશાયી થવાના કિસ્સાઓ પણ પ્રકાશમાં આવે છે. ત્યારે શહેરના સેકટરોમાં નિખરતી વનરાજી વચ્ચે જોખમી વૃક્ષોની સંખ્યા પણ વિશેષ હોવાનુ ધ્યાને આવ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# આરટીઓના ટ્રેક પર ટેસ્ટ આપવા આવતા વાહનચાલકોને નિયમના ભંગ બદલ દંડાશે

ગાંધીનગર તા ૯

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં ડ્રાઈવીંગ ટ્રેક પર ટેસ્ટીંગ માટે આવતા વાહનચાલકો ટ્રાફિક નિયમનના ભંગ બદલ દંડાશે. ડ્રાઈવીંગ ટ્રેક પર ટેસ્ટીંગ માટે આવતા વાહનચાલકોના કારમાં ફિલ્મપટ્ટી લગાવેલી હશે તો સ્થળ પર જ કાઢી નાંખવામાં આવશે અને દંડની પણ વસુલી કરવામાં આવશે.

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં વાહનચાલકોને લાયસન્સ મેળવવા માટે ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક પર ટેસ્ટ આપવી ફરજિયાત છે. જયારે ડ્રાઈવીંગ ટ્રેક પર લાયસન્સ માટે ટેસ્ટ આપવા આવતા વાહનચાલકો કારમાં ફિલ્મ પટ્ટી લગાવી આવશે તો સ્થળ પર જ દંડ વસુવામાં આવશે. આ ઉપરાંત કાળી પટ્ટીઓ પણ દુર કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા પંચાયતની સમિતિઓની રચનાના મુદ્દે મોડી રાત સુધી બેઠકોનો ધમધમાટ

**સમિતિઓની રચનામાં મતભેદ નહિ હોવાનો કોંગ્રેસનો દાવો : રચના અંગે બેઠકમાં જ કવરો ખોલી સમિતિઓમાં નિમણુંકો જાહેર થશે**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓની રચનાનો મુદ્દો કોંગ્રેસની સ્થાનિક નેતાગીરીએ હાથ પર લીધો છે અને રાત્રે બોલાવાયેલી બેઠકમાં આ મુદ્દા પર ચર્ચા-વિચારણા કરી આજે સમિતિઓની રનચાને સામાન્ય સભા પૂર્વે આખરી ઓપ આપી દેવાશે.

મળતી વિગતો પ્રમાણે કોંગ્રેસ પક્ષમાં સમિતિઓની રચનાને મુદ્દે ચાલી રહેલી ખેંચતાણ પછી આજે સભ્યો સાથે રાત્રે પ્રમુખના નિવાસસ્થાને ચૂંટાયેલા સભ્યોની ખાસ બેઠક બોલાવવામાં આવી છે.

આ બેઠકમાં સભ્યોના મન જાણવામાં આવશે તેમજ સાથે રાખી આખી નવી ટીમની રચના કરવામાં આવશે તેવા સંકેતો મળી રહ્યા છે. મહિલા સભ્યોને પણ યોગ્ય પ્રતિનિધિત્વ સાથે સૌને ન્યાય મળે તે બાબત જોવામાં આવશે.

જિલ્લા પંચાયતની ૮ સમિતિઓની રચના કરવામાં આવનાર છે. દરેક તાલુકાને સરખુ પ્રતિનિધિત્વ અને ન્યાય મળી રહે તે રીતે આ રચનાની કામગીરીને આખરી ઓપ આપવામાં આવી રહ્યો હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લા પંચાયતની સમિતિઓની રચનાને મુદ્દે આજે સવારથી જ સભ્યો સાથે અલગ-અલગ રીતે બેઠકોનો દોર ચાલી રહ્યો છે. જો કે કોંગ્રેસ પક્ષ દ્વારા હજુ સુધી મગનું નામ મરી પાડવામાં આવ્યું નથી. કાલે બપોરે ત્રણ વાગે સામાન્યસભામાં જ આ અંગેના બંધ કવર ખોલવામાં આવશે.

બેઠકના આરંભે જ પક્ષનો વ્હીપ પણ સભ્યોને આપી દેવામાં આવશે તેમજ સભાખંડમાં પણ વ્હીપનું વાંચન સભાના આરંભે કરવામાં આવશે તેમ પક્ષના સૂત્રોએ જણાવ્યુ છે. સમિતિઓની રચનાને મુદ્દે કોઈપણ પ્રકારની ખેંચતાણ કે મતભેદ હોવાનો જિલ્લાની નેતાગીરીએ ઈન્કાર કર્યો છે.

# ધોળાકુવામાંથી ડેન્ગ્યુનો કેસ મળ્યો

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ધોળાકુવા ગામમાંથી ડેન્ગ્યુનો એક કેસ મળી આવેલ છે. આ સિઝનમાં છેલ્લા એક મહિનામાં ડેન્ગ્યુનો આ ચોથો કેસ નોંધાયો છે. પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ દર્દી એક ખાનગી સિક્યોરીટી ગાર્ડ તરીકે ફરજો બજાવે છે.

# કૃષિપાકના રોગચાળા માટે ખાસ સમિતિની રચના કરાઈ

ગાંધીનગર, તા. ૯

કૃષિપાકમાં થતા રોગચાળા માટે હવે જિલ્લાકક્ષાએ પણ એક ખાસ સમિતિની રચના કરવામાં આવી છે અને તેની પ્રથમ બેઠક જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયાના અધ્યક્ષપદે મળી હતી.

કૃષિપાકમાં થતા રોગચાળાની જાણકારી મળતાં જ તંત્ર દ્વારા અસરકારક કામગીરી સાથે ખેડૂતોને સમયસર દવાનો છંટકાવ કરવાની સલાહ-માર્ગદર્શન તેમજ વધુ પડતી અસરોને કારણે થતા નુકશાન અંગે સર્વે કરવા સહિતની કામગીરી આ સમિતિ દ્વારા કરવામાં આવશે.

જિલ્લામાં વરસાદ ખેંચાતા રોગચાળો પાકમાં ઉભો થવાની શક્યતાઓ વધી રહી છે ત્યારે આ સમિતિની રચના આગામી દિવસોમાં મહત્વની પુરવાર થશે.


કૃમિથી મુક્તિ, બાળકોને શક્તિ

૧૦ ઓગષ્ટ ૨૦૧૮- રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ

૩૦ ઓગષ્ટ ૨૦૧૮- મોપ અપ દિવસ

શું આપ જાણો છો કે કૃમિ સંક્રમણથી બાળકોમાં
- કુપોષણ અને લોહીની ઉણપ થાય છે જેનાથી હંમેશા થાક રહ્યા કરે છે.
- સંપૂર્ણ શારીરીક અને માનસિક વિકાસમાં અડચણ આવે છે.

કૃમિના ચેપને અટકાવવો સહેલો છે.

૧-૧૯ વર્ષનાં તમામ બાળકોને બધી શાળા અને આંગણવાડીમાં નિઃશુલ્ક કૃમિ નિયંત્રણની (ચાવવાની) ગોળી ખવડાવવામાં આવશે શાળાએ ન જતા અને આંગણવાડી ખાતે નોધાયેલ ન હોય તેવા બાળકોને પણ દવા આંગણવાડીમાં ખવડાવીશું.

જે બાળકો બાકી રહી ગયા હોય તેમને ૧૮ ઓગષ્ટના રોજ જરૂર ખવડાવીએ આ ગોળી ખુબ જ સુરક્ષીત છે.

જિલ્લા આરોગ્ય તંત્ર, જિલ્લા પંચાયત, ગાંધીનગર



www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ







Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com